મહત્તમ : ૪૦.૨ ડીગ્રી
લઘુતમ : ૨૮.૬ ડીગ્રી
ભેજ
સવારે ૭૬ ટકા ● સાંજે ૩૭ ટકા
ગાંધીનગર તાપમાન

સે-૨૬ના રહીશોએ પાંચ હજાર કરતાં વધુ વૃક્ષોના વાવેતર દ્વારા હરિયાળી ક્રાન્તિ કરી છે

ઠેકઠેકાણે વૃક્ષો વાવવા ઉપરાંત ઓક્સિજન પાર્ક ઊભો કરીને જાત મહેનતથી આખાય વિસ્તારને બનાવ્યો છે હરિયાળો

ગાંધીનગર, તા.૩

જેમ જેમ ટીંપે ટીંપે સરોવર ભરાય તેમ એક એક વૃક્ષ વાવીને આખા વનનું સર્જન થઈ શકે. ગાંધીનગરના સેકટર ૨૬ના મિત્રોએ સાથે મળીને આ વાત ચરિતાર્થ કરી છે. પર્યાવરણની રક્ષા માટે જેમ વૃક્ષારોપણનો મહિમા છે તેમ વાવેલા છોડમાંથી ઘટાદાર વૃક્ષ બને તે માટે તેનું જતન કરવું પણ એટલું જ મહત્વનું છે. આ વૃક્ષોના વાવેતરની સાથે જ તેના જતન માટે પણ એટલા જ તત્પર રહેવું પડશે તો જ વાવેલો છોડ મોટું વૃક્ષ બનીને આવનારી પેઢીઓને ઉપયોગી થશે. ગાંધીનગરના સેકટર ૨૬માં આવા જ પર્યાવરણ પ્રેમીઓ છે જેમણે ન કેવળ વૃક્ષો ઉગાડ્યા પણ તેનું નાનકડા બાળકની જેમ જતન કરીને મોટા કર્યા છે.

સેકટર ૨૬ માં રહેતા મહેશભાઈ પુરોહિત અને તેમના મિત્રોએ ત્રણ વર્ષ પહેલાં તેમની સોસાયટીમાં લીમડાના ૧૮ વૃક્ષો રોપ્યા ત્યારે નિશ્ચય કર્યો હતો કે આ વૃક્ષો મોટા થાય ત્યાં સુધી તેનું જતન પણ કરીશું. આ લીમડાના વાવેતર બાદ તેમનો વિચાર વિસ્તર્યો અને સમગ્ર સોસાયટીને હરિયાળી બનાવવાનો સંકલ્પ લીધો. પાંચ વ્યક્તિઓના સહયોગથી શરૂ થયેલું કાર્ય રંગ લાવ્યું, ને સોસાયટીના ખૂણે ખાંચરે જ્યાં જ્યાં જગ્યા ખાલી મળી ત્યાં ત્યાં વૃક્ષોનું વાવેતર કર્યું. દરેક વૃક્ષોની ફરતે ફેન્સીંગ કર્યું અને તેની માવજત અને સિંચન માટે સ્વૈચ્છિક રીતે આગળ આવ્યા. મહેશભાઈ પુરોહિત, રાજેશભાઈ પટેલ, મહેશ પટેલ, રાજુભાઈ પટેલ અને દિનેશભાઈ પટેલ સહિતની પાંચ જણની ટીમ ઉમિયમ પર્યાવરણ ચેરિટેબલ ટ્રસ્ટમાં પરિણમી. આ ટીમ દ્વારા સેકટર ૨૬માં જુદા જુદા વિસ્તારમાં વૃક્ષોનું વાવેતર કરીને નામકરણ પણ કરવામાં આવ્યું જેમાં વૃક્ષોની સંખ્યા અને સ્થળ આધારે વિશાલ ૫, ૨૪ પીપળ, ૧૮ લીમડા, ૭૪ લીમડા, ૯ લીમડા, ૪૭ લીમડા, ૯૯૯ પ્લાન્ટ વગેરે નામ અપાયું છે. મહત્વની વાત એ છે કે ટીમના દરેક સભ્યો પ્રત્યેક વૃક્ષોને ઓળખે છે અને તેને શું માવજતની જરૂર છે એ પણ જાણે છે. અત્યાર સુધીમાં તેઓએ ૫૦૦૦ કરતાં વધુ વૃક્ષોનું વાવેતર કર્યું છે. ટીમની મોટી સફળતા એટલે સેકટર ૨૬ના ખરાબા વિસ્તારમાં ઊભો કરેલો ઓક્સિજન પાર્ક. ત્રણ વર્ષ જેટલા ઓછા સમયમાં ત્રણ વિઘા જમીનમાં દેશી કુળના વૃક્ષો વાવીને એમાં પક્ષીઓ આવીને વસવાટ કરે એટલા મોટા કર્યા છે. પાર્કમાં ઑક્સીજન આપતા વૃક્ષોની સાથે પક્ષીઓ ખાઈ શકે તે માટે આંબા, શેતૂર, જાંબુ, આમળા, ઉમરા, દાડમ, જામફળી, વડ, પીપળ સહિતના ફળાઉ વૃક્ષો પણ વાવ્યાં છે. ઑક્સીજન પાર્કમાં પાણી પીવડાવવા માટે સ્વયં સેવકો રાખેલા છે જેઓ પાર્કની માવજત કરે છે. ઉક્કડ લાગતો વિસ્તાર આજે હરિયાળો બન્યો છે. આવનાર સમયમાં અહીં લોકો માટે વોકિંગ પથ બનાવવાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. રાજેશભાઈ પટેલ જણાવે છે કે ઑક્સીજન પાર્ક બન્યો તે પહેલા અહી ગાંડા બાવળ માત્ર હતા. અહી તમરાંઓનો કર્કશ અવાજ સંભળાતો. આજે ઑક્સીજન પાર્કમાં પક્ષીઓનો મીઠો કલરવ સંભળાય છે. મહેશભાઈ પુરોહિત તેમના આ કાર્યને ઈશ્વરીય કાર્ય ગણાવે છે. તેઓ કહે છે કે વૃક્ષારોપણ એક એવું કાર્ય છે જેનો લાભ આવનારી પેઢીઓ પણ ભોગવે છે. મહેશભાઈની ઈચ્છા તો ૨૫ હજાર કરતાં વધુ વૃક્ષો વાવવાની છે.

જન્મદિને વધામણી

પ્રજાપતિ વાની સાવનકુમાર
મો. ૯૬૦૧૧ ૩૧૬૭૭

સંદિપ પ્રવિણચંદ્ર જોષી
ગુજરાત સમાચાર
મો. ૯૪૨૬૫ ૦૪૫૫૨

હીરરાજ દેવેન્દ્રકુમાર પરમાર

મોહંમદઝહીર
સલીમભાઈ તેલી
મો. ૭૮૭૮૧ ૪૨૩૪૬

નૈતિક કલ્પેશભાઈ મહેતા

શહેરમાં વટ સાવિત્રી વ્રતની શ્રધ્ધાપૂર્વક ઉજવણી

સે-૪, ૫, ૬ અને ૨૨ માં પંચદેવ મંદિર ખાતે મોટી સંખ્યામાં સૌભાગ્યવતી મહિલાઓએ પોતાના પતિનાં આયુષ્યની વૃદ્ધિ માટે પ્રાર્થના કરી

સમગ્ર વર્ષ દરમિયાન અનેક વ્રત, તહેવાર આવતા હોય છે. જેમાં વટ સાવિત્રી વ્રતનો સવિશેષ મહિમા છે. ત્યારે શહેરમાં શનિવારે વટ સાવિત્રી ના વ્રત ની શ્રધ્ધાપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.

ગાંધીનગર માં સેકટર ૪,૫,૬ અને ૨૨ માં પંચદેવ મંદિર ખાતે મોટી સંખ્યામાં સૌભાગ્યવતી મહિલાઓએ પોતાના પતિનાં આયુષ્યની વૃદ્ધિ માટે વ્રત રાખી વડનાં ઝાડની પૂજા અર્ચના કરી સુતરનાં દોરાથી અગિયાર, એકવીસ, એકાવન અને એક્સો એક પ્રદક્ષિણા ફરી પોતાના પતિની આયુષ્ય અને સુખ શાંતિ માટે પ્રાર્થના કરી હતી. વહેલી સવારથી જ મંદિરોમાં સૌભાગ્યવતી મહિલાઓ નો ઘસારો જોવા મળ્યો હતો.એક સાથે સૌ મહિલાઓએ વડલા ની પૂજા અર્ચના કરી હતી.શહેરમાં મંદિરો માં વટ સાવિત્રી વ્રત ને પગલે મહિલાઓની ભારે ભીડ અને એક અલૌકિક ધાર્મિક માહોલ છવાયો હતો.

સનાતન ધર્મ સંસ્કૃતિમાં જેઠ મહિનાનું ધાર્મિક દૃષ્ટીકોણથી વિશેષ મહત્ત્વ રહેલું છે. તેમાં પણ જેઠ મહિનાની પૂનમને વટ કે વડ સાવિત્રી પૂનમ તરીકે ઉજવવામાં આવે છે.શહેરમાં વિવિધ જગ્યાઓએ વટ સાવિત્રી વ્રત નિમિતે સૌભાગ્યવતી મહિલાઓ સોળે શણગાર સજીને શિવ મંદિરો તેમજ વડલાના ઝાડે જઈ શાસ્ત્રોક્ત વિધિ સાથે વ્રતની પૂજા કરી હતી. વ્રતધારી બહેનો અબીલ, ગુલાલ, કંકુ, ચોખા, ફૂલો અને જળ ચઢાવી વડનું પૂજન કરી બાદમાં વડના ઝાડ ફરતે સુતરનો દોરો વીંટાળી પ્રદક્ષિણા કરી પતિના દીર્ઘાયુષ્યની પ્રાર્થના કરવામાં આવી હતી. વ્રતની પૂજા બાદ દિવસ દરમિયાન કેટલીક બહેનો એ નકોરડા ઉપવાસ કર્યો હતો. તો કેટલીક બહેનો દ્વારા ફરાળ કરી વ્રતની ઉજવણી કરવામાં આવી હતી. વટ સાવિત્રી વ્રતની પૂજા માટે શહેર અનેક સ્થળોએ આયોજન પણ કરાયા હતાં. સાવિત્રી દેવીએ પોતાના પતિનાં પ્રાણ યમરાજ પાસેથી પાછા લઇ આવ્યા હતા તેથી તેમણે વટ સાવિત્રીનું વ્રત કર્યું હતું ત્યારથી સૌભાગ્યવતી સ્ત્રી વ્રત રાખી મનોકામના પૂર્ણ કરે છે. જેને પગલે ગાંધીનગર માં વટ સાવિત્રી વ્રતની ઉજવણી કરાઈ હતી.

ગાંધીનગરની ૨ હજારથી વધુ બહેનોને 'ધ કેરાલા સ્ટોરી' ફિલ્મ વિનામૂલ્યે દર્શાવાઈ

આતંકવાદના ભયજનક સત્યને ઉજાગર કરતી ફિલ્મ 'ધ કેરાલા સ્ટોરી' થકી ગાંધીનગરની મહિલાઓમાં લવજેહાદ અને આતંકવાદ અંગે જનજાગૃતિ ફેલાય તે હેતુથી ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય રીટાબેન પટેલ, મેયર હિતેશ મકવાણા તેમજ શહેર ભાજપ પ્રમુખ ઋચિર ભટ્ટ દ્વારા મહિલાઓને નિઃશુલ્ક ફિલ્મ બતાવવાનું આયોજન કરવામાં આવ્યું હતું જે અંતર્ગત વિવિધ સિનેમાઘરોમાં નિઃ શુલ્ક શો આયોજિત કરી ૨ હજારથી વધુ મહિલાઓને વિનામૂલ્યે ફિલ્મ દર્શાવાઈ છે.

ગૂજરાત વિદ્યાપીઠમાં ૧૫૦ જેટલી જગ્યાઓ પર કરાર આધારિત ભરતી કરવામાં આવશે

જે કર્મચારીઓને આઉટસોર્સ કંપનીએ નોટીસ આપી છે તે વિદ્યાપીઠના કર્મચારી નથી તેવો ખુલાસો

ગાંધીનગર, તા.૦૩

તાજેતરમાં ગૂજરાત વિદ્યાપીઠમાંથી કેટલાંક કર્મચારીઓને છુટા કરાવાના અખબારી અહેવાલો પ્રકાશિત થતાં સર્જાયેલા વિવાદમાં ગૂજરાત વિદ્યાપીઠમાં ૧૫૦ જેટલી જગ્યાઓ પર કરાર આધારિત ભરતી અંગે જાહેરાત આપી હોવાનું જણાવવા સાથે તા.૦૩/૦૬/૨૦૨૩ના રોજ કેટલાક અખબારોમાં ગૂજરાત વિદ્યાપીઠના કર્મચારીઓને નોકરીમાંથી છૂટા કરવા અંગેના સમાચારો પ્રગટ થયા છે તે સંદર્ભે પણ અખબારી યાદી દ્વારા ખુલાસો કરવામાં આવ્યો છે. અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે ગૂજરાત વિદ્યાપીઠે તેના કર્મચારીઓને નોકરીમાંથી છૂટા કરવાનો આદેશ જારી કર્યો નથી. ગૂજરાત વિદ્યાપીઠના કરાર આધારિત કર્મચારીઓનો કરાર તા.૩૦/૦૬/૨૦૨૩ના રોજ પૂર્ણ થાય છે. ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા ૧૫૦ જેટલી જગ્યાઓમાં કરાર આધારિત ભરતી કરવા માટેની જાહેરાત કરવામાં આવી છે જે ગૂજરાત વિદ્યાપીઠની વેબસાઈટ ઉપર અત્યારે ઉપલબ્ધ છે. જે કર્મચારીઓને ભક્તિ સર્વીસીસ પ્રાઈવેટ લીમીટેડ આઉટ સોર્સ એજન્સી દ્વારા કામમાં રાખવામાં આવ્યા છે તેમને તેમની એજન્સીએ નોટિસ આપી છે. તેઓ ગૂજરાત વિદ્યાપીઠનાં કર્મચારીઓ નથી.

આજે સે. ૨૯માં નવી પ્રિ-સ્કૂલ 'માસ્ટર માઈન્ડ'નું ઉદ્ઘાટન

ગાંધીનગર, તા. ૩

રવિવારે સે. ૨૯ ખાતે સેક્ટરની આસપાસ રહેતા નાના બાળકો માટે 'માસ્ટર માઈન્ડ' પ્રિ-સ્કૂલનું ઓપનિંગ થઈ રહ્યું છે. જેના ડાયરેક્ટર રમણભાઈ પટેલ (સિયા એજ્યુકેશન) તેમજ સ્મિત આર.વ્યાસ (યુવા મહામંત્રી, શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ, રાજ્યકક્ષા) છે. જેઓ શિક્ષણક્ષેત્રે બહોળો અનુભવ ધરાવે છે. રવિવારે સવારે ૯ વાગ્યે શાંતિનિકેશન સ્કૂલ કેમ્પસ, બ્લોક નં. ૫૪/૧, ઘ-ટાઈપ, આયુર્વેદિક હોસ્પિટલની પાસે, સે. ૨૯ ખાતે પ્રિ-સ્કૂલનું ઓપનિંગ છે. પ્રિ-સ્કૂલના ઓપનિંગ સેરેમનીમાં મુખ્ય મહેમાન તરીકે હિતેષભાઈ મકવાણા, મેયર, ડે. મેયર, સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન તથા ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય રીટાબેન પટેલ ઉપસ્થિત રહેવાના છે.

સમસ્ત બ્રહ્મસમાજ ન્યુ ગાંધીનગર દ્વારા વિદ્યાર્થી પુરસ્કાર સન્માનનું આયોજન

ગાંધીનગર, તા. ૩

આગામી તા. ૧૮ જૂન-૨૦૨૩ને રવિવારના રોજ બ્રહ્મસમાજ દ્વારા ન્યુ ગાંધીનગર વિસ્તારમાં રહેતા ભુદેવોના વર્ષ ૨૦૨૨-૨૩ના વર્ષ દરમ્યાન ઉત્તિણ થયેલા બાળકોને સન્માનિત કરવા માટેનો કાર્યક્રમ રાખેલ છે. જે અન્વયે બાળકોની માર્કશીટ/સર્ટીફિકેટ મોકલવાની છેલ્લી તા. ૭-૬-૨૦૨૩ છે જે વોટ્સએપ નંબર ૯૯૯૮૮૯૧૪૧૪ ઉપર અથવા ન્યુ ગાંધીનગર બ્રહ્મસમાજના પ્રતિનિધિઓને પહોંચાડવા. અખબારી યાદી શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ન્યુ ગાંધીનગરના ઉપપ્રમુખ શાસ્ત્રી પુષ્પક શુકલ દ્વારા જણાવવામાં આવ્યું હતું.

રવિવારે યોજાનાર TET-S પરીક્ષા સંદર્ભે પ્રતિબંધાત્મક હુકમો જારી કરાયા

ગાંધીનગર, તા.૩

જિલ્લા શિક્ષણાધિકારી ગાંધીનગર દ્વારા જણાવ્યા અનુસાર ધોરણ ૯ અને ૧૦ માટે TET-S ની પરિક્ષા આગામી તા. ૦૪/૦૬/૨૦૨૩ના રોજ બપોરે ૧૨:૦૦ કલાક થી ૧૫:૦૦ કલાક સુધી યોજાનાર છે. પરિક્ષા દરમ્યાન કેન્દ્રોની આસપાસના વિસ્તારમાં ગેરરીતિ કર્યા વગર તેમજ કોઈપણ પ્રલોભનોથી દોરવાયા વગર પરિક્ષા આપી શકે તે માટે, ગાંધીનગર જિલ્લાના મહેસુલી વિસ્તારમાં ઉક્ત પરિક્ષા કેન્દ્રોની આજુબાજુના ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં આવેલ ઝેરોક્ષ કેન્દ્રો ઝેરોક્ષની દુકાનો બંધ રાખવા, ચાર વ્યક્તિઓ એક સ્થળે એકઠા થવા પર, પરીક્ષા સ્થળોની આજુબાજુ અવાજે લાઉડસ્પીકર વગાડવા તથા સક્ષમ અધિકારી સિવાયના તમામ માટે મોબાઈલ અને અન્ય ઈલેક્ટ્રોનિક મીડિયા, વિજાણુ ઉપકરણો લઈ જવા પર તેમજ પરીક્ષા કેન્દ્રની આજુબાજુના ૨૦૦ મીટર વિસ્તારને પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરી કેટલાક કૃત્યો પર પ્રતિબંધ ફરમાવાનો આદેશ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ગાંધીનગર ભરત જોશી દ્વારા કરવામાં આવેલ છે. જેમાં પ્રતિબંધિત વિસ્તારમાં પરીક્ષા કેન્દ્રની ચો તરફ ૨૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલ તમામ જાહેર જગ્યા સ્થળ અને વિસ્તાર તથા ઝેરોક્ષ કેન્દ્ર ઝેરોક્ષની દુકાનો માટે પરીક્ષા કેન્દ્રની ચોતરફ ૨૦૦ મીટરની ત્રિજ્યાનો વિસ્તાર પ્રતિબંધિત વિસ્તાર ગણવામાં આવશે.

જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ અને વન વિભાગના સંયુક્ત ઉપક્રમે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૩

ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ, ગુજરાત હાઈકોર્ટ, સોલા અમદાવાદની સુચના અનુસાર જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ ગાંધીનગર તેમજ ઉર્જા રેન્જ ગાંધીનગર વન વિભાગના સંયુક્ત ઉપક્રમે ટ્રેનીંગ એન્ડ રીસર્ચ સેન્ટર, સેક્ટર-૩૦ ખાતે તા. ૫ જૂન-૨૦૨૩ના રોજ સવારે ૧૦.૧૦ કલાકે 'વિશ્વ પર્યાવરણ દિન' નિમિત્તે વૃક્ષારોપણનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળના સભ્ય સચિવ આર.એ. ત્રિવેદી, પ્રિન્સિપાલ ડીસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજ તથા અધ્યક્ષ, જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ ગાંધીનગરના જે.આર. શાહ વેગેરે મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણનો કાર્યક્રમ કરવામાં આવનાર છે. કાર્યક્રમ દરમિયાન ગાંધીનગર જિલ્લાના અન્ય ન્યાયધિશો તેમજ લીગલ વોલીયન્ટર્સ પણ હાજર રહેશે.

પ્રેરણા : દૈનિક અવરજવર પણ સાયકલ પર કરતાં ૫૫ વર્ષીય કુસુમબેન

ગાંધીનગર, તા.૩

ઈન્દ્રોડા પાર્કના કર્મચારી અને પર્યાવરણ પ્રેમી ૫૫ વર્ષના શ્રીમતી કુસુમબેન સુથાર છેલ્લા પંદર વર્ષથી નોકરી પર જવાનું હોય કે શાકભાજી લેવા તેઓ સાયકલનો જ ઉપયોગ કરી પર્યાવરણ જાળવણી માટે પ્રેરણારૂપ કાર્ય કરી રહયા છે. તેઓને ખુબ સમય પહેલા ચિકનગુનિયાનો રોગ થયો હતો તો રોગ તો મટી ગયો પણ શરીરમાં ઢીંચણના દુખાવા મટતા ન હતા. તેઓને સાયકલ પહેલા કસરત તરીકે ઉપયોગ કરી પછી પર્યાવરણ પ્રેમી હોવાને લીધે આજીવન અપનાવી લીધી હતી. શારિરીક તબિયત પણ સારી રહે છે અને કુદરતી સંપતિ બચાવી પર્યાવરણની જાળવણી માટે પ્રેરણારૂપ સહયોગ આપી રહયા છે.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ.બારોટ રમેશભાઈ ગોવિંદભાઈ** ઉ.વ.૭૧, બાલવા, માણસા
- **સ્વ.સુથાર ડહીબેન ત્રિકમલાલ** ઉ.વ.૯૨, ગાંધીનગર
- **સ્વ.ઠાકોર સાંકાજી જુગાજી** ઉ.વ.૬૫, ચાંદીસણા, માણસા
- **સ્વ.વ્યાસ મયુર સુરેશચંદ્ર** ઉ.વ.૮૯, ગાંધીનગર
- **સ્વ.ઠાકોર મહેશજી ગણેશજી** ઉ.વ.૩૮, શિહોલી મોટી